સૌરાષ્ટ્ર આજતક

# જૈનમ - સમસ્ત જૈન સમાજ રાજકોટ આયોજીત ઓપન રાજકોટ રંગોળી સ્પર્ધામાં હોંશભેર ભાગ લેતા સ્પર્ધકો

## સ્પર્ધામાં ભગવાન મહાવીરના અનેક સ્વરૂપોને મૂર્તિમંત કર્યા



રાજકોટ,
ગઈકાલે શ્રીમદ્ રાજચંદ્ર મંદિર ખાતે યોજાયેલ રંગોળી સ્પર્ધામાં અનેક સ્પર્ધકોએ ભાગ લઈ ભગવાન મહાવીરના અનેક સ્વરૂપોને મૂર્તિમંત કર્યા હતા.

આ સ્પર્ધાને ધર્મસભા-ધર્મયાત્રાના અધ્યક્ષતા દામીનીબેન પીયુષભાઈ કામદાર, ઝરણાબેન વિભાશભાઈ શેઠ, જાગૃતિબેન કમલેશભાઈ શાહ દ્વારા ખુલ્લી મુકવામાં આવી હતી. સ્પર્ધકોનું મોનીટરીંગ અને પ્રોત્સાહન કામીનીભાઈ ભાવિનભાઈ ઉદાણી, કાજલબેન જુગલભાઈ દોશી વગેરેએ કરેલ હતું. સ્પર્ધકોને સન્માન પત્ર અને પુરસ્કાર અંકિતાબેન જયભાઈ ખારા, રૂપલબેન સેતલભાઈ સોલંકી, કવિતાબેન પારસભાઈ શેઠ, માલીનીબેન ચિરાગભાઈ દોશીના હસ્તે આપવામાં આવ્યા હતા.

આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ચિત્રનગરીના હેમાબેન મુકેશભાઈ વ્યાસ, રૂપલબેન સેતલભાઈ સોલંકી તથા જૈનમ પરિવારના કવિતાબેન પારસભાઈ શાહ, શિતલભાઈ અમીષભાઈ દેસાઈ, વિરાભાઈ ભાવિકભાઈ શાહ અને બાના શાહએ સેવા આપેલ હતી.

આ તકે જૈનમ પરિવારના જીતુભાઈ કોઠારી, સુજીતભાઈ ઉદાણી, વિભાશભાઈ શેઠ, સેજલભાઈ કોઠારી, નિલેશભાઈ દોશી, જયભાઈ કામદાર, કેતનભાઈ ગોસલીયા, કૌશીકભાઈ કોઠારી, કોમલબેન મહેતા વગેરે હાજર રહ્યા હતા.

# રાજકોટ જિલ્લામાં આચાર સંહિતા અંગેની ફરિયાદો ઓબ્ઝર્વર્સના ફોન નંબરો જાહેર

રાજકોટ,
ભારતીય ચૂંટણી પંચ દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ જાહેર કરવામાં આવેલ છે. જેના અનુસંધાને આદર્શ આચારસંહિતા અમલી બનતાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પર દેખરેખ અને નિયંત્રણ રાખવા માટે મુખ્યબ નિર્વાચન અધિકારીની કચેરી, ગુજરાત રાજયય દ્વારા રાજકોટ લોકસભા બેઠકના જનરલ ઓબ્ઝિર્વર તરીકે શ્રી ભવાનીસિંહ દેથાની નિમણૂંક કરાઈ છે. જેમનો મોબાઈલ નંબર-૬૩૫૭૦૬૫૬૦૧ છે. આચારસંહિતા સંબંધિત ફરિયાદ માટે તેમનો સોમવારથી શનિવાર દરમિયાન સવારે ૧૦.૦૦ થી ૧૧.૦૦ દરમિયાન સર્કિટ હાઉસ ખાતે સંપર્ક કરી શકાશે.

જયારે લો એન્ડા ઓર્ડરની કામગીરીની દેખરેખ માટે પોલીસ ઓબ્ઝજર્વર તરીકે શ્રી ચંદન કુમાર ઝાની નિમણુંક કરવામાં આવી છે, જેમનો મોબાઈલ નંબર-૬૩૫૭૦૬૫૬૦૩ છે. આચારસંહિતા સંબંધિત ફરિયાદ માટે તેમનો સોમવાર બુધવાર અને શુક્રવાર દરમિયાન સવારે ૧૦.૦૦ થી ૧૧.૦૦ દરમિયાન સર્કિટ હાઉસ ખાતે સંપર્ક કરી શકાશે.

લોકસભાની ચૂંટણી લડતા ઉમેદવારો તથા વિવિધ રાજકીય પક્ષો દ્વારા થતા ખર્ચ પર નિરીક્ષણ રાખવા માટે એક્સપેન્ડિણચર ઓબ્ઝરર્વર તરીકે શ્રી માધવચંદ્ર મિશ્રાની નિમણૂક કરાઈ છે,

જેમનો મોબાઈલ નંબર-૬૩૫૭૦૬૫૬૦૨ છે. આચારસંહિતા સંબંધિત ફરિયાદ માટે તેમનો સોમવારથી શનિવાર દરમિયાન સવારે ૧૦.૩૦ થી ૧૧.૩૦ દરમિયાન સર્કિટ હાઉસ ખાતે સંપર્ક કરી શકાશે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પેપર ફૂટયા પ્રકરણમાં તાત્કાલીક પોલીસ ફરિયાદ કરવા કોંગ્રેસ પ્રવકતાં બારોટની માંગણી



રાજકોટ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પેપર ફૂટવા પ્રકરણમાં તાત્કાલિક પોલીસ ફરિયાદની માંગ કોંગ્રેસના ડો. નિદત્ત બારોટે માંગ કરી છે.

કોંગ્રેસના પ્રવકતા નિદત્ત બારોટે જણાવ્યું છે કે, આમ આદમી પાર્ટીના આગેવાન યુવરાજસિંહ જાડેજાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બીસીએ સેમેસ્ટર - ૪ ની પરીક્ષાના તમામ પેપરો ફુટ્યાનનો આક્ષેપ કર્યો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે આ બાબત અત્યીત ગંભીર છે. યુવરાજસિંહ જાડેજા એ પોતાના આક્ષેપ સાથે જે સ્ક્રી નશાટ્ટ આપ્યાક છે તે જોતાં પરીક્ષા શરૂ થવાના લગભગ સવા કલાક પહેલા સોશિયલ મીડિયા પર યુનિવર્સિટીના પેપરના પ્રશ્નો હાથેથી લખીને લીક કરવામાં આવ્યા છે.

વિદ્યાર્થીઓના વિશ્વાસ માટે યુનિવર્સિટી સામેના આક્ષેપો અત્યંડત ગંભીર છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા કયુંપીડીએસ પદ્ધતિથી કોલેજોને પેપર મોકલવામાં આવે તે પેપર ખોલવા માટે પાસવર્ડ આપ્યા બાદ યુનિવર્સિટીના ઓફીસિયલ મેઈલ દ્વારા તેની માહિતી કોલેજને મોકલવામાં આવે છે. આમ કઈ કોલેજમાં કેટલા વાગ્યેબ પેપર ખૂલ્યુી તેનો રેકોર્ડ યુનિવર્સિટી પાસે ઉપલબ્ધ છે. આ રેકોર્ડના આધારે કઈ કોલેજે સોશિયલ મીડિયામાં પેપર ફરતું થયું તે પહેલા ખોલ્યુંર છે તે બાબત જાણી શકાય. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સત્તાધીશો તાત્કાલિક અસરથી સમગ્ર બાબતની સાઈબર ક્રાઈમ મારફતે તપાસ કરાવી પેપર ફોડનાર સામે શક્ય્ તેટલા ઝડપથી પગલાં લેવાય તેવી કોંગ્રેસ પક્ષના નિદત્ત બારોટે માંગણી છે.

# રાજકોટમાં હનુમાન જન્મોત્સવ દિને શ્રી બડા બજરંગદાદા વાજતે ગાજતે નગરયાત્રા નિકળશે

## ભાવિકો ૫૧ ફુટનો ભગવો ધ્વંજ લઇ ચાલશે : આકર્ષણ ફલોટસ

રાજકોટ,
રાજકોટ ખાતે ભવ્ય થી ભવ્ય ઉજવણી કરવાના ભાગરૂપે શ્રીબડા બજરંગ ફાઉન્ડે શન દ્વારા સતત ૧૬ માં વર્ષે શ્રી હનુમાન જન્મોત્સવની રથયાત્રાનું ભવ્યા આયોજન કરેલ છે. જેમાં શહેરની ૧૦૦ થી વધુ હિન્દુ સંસ્થાાઓ જહેમત ઉઠાવી રહી છે.

શ્રી બડાબજરંગ હનુમાનજી મહારાજ વર્ષમાં એક વખત હનુમાન જન્મોત્સવના દિવસે રાજકોટના રાજમાર્ગો પર નગર યાત્રાએ નીકળીને લોકોની મનોકામના પુર્ણ કરે છે. લોકો દાદાના રથને ખેંચી અને દર્શન કરીને ધન્યતા અનુભવે છે.

શ્રી બડા બજરંગ ફાઉન્ડેશન આયોજીત યાત્રામાં આશરે ૬૦ થી વધુ આકર્ષણ ફલોટસ જોડાશે ઠેર ઠેર જુદી જુદી સુંસ્થાઓ દ્વારા રંગોળી, પુષ્પોત ની વર્ષાથી તેમજ ફટાકડા ફોડી યાત્રાનુ ભવ્યશથી ભવ્યઠ સ્વાગત કરવામા આવશે,યાત્રાના સમગ્ર રૂટ પર ઠંડાપીણા,સરબત,છાશ,પ્રસાદની વ્યવસ્થા ભકતો દ્વારા કરવામાં આવશે. તા-૨૩ ને મંગળવારે સાજે ૪:૩૦ વાગ્યેષશ્રી બડાબજરંગ હનુમાનજી મંદિર થી રામનાથપરા-૧૬થી યાત્રાનો પ્રારંભ થશે. જે બડા બજરંગ ચૌક,રામનાથપરા મેઈનરોડથી ગરુડ ગરબી ચૌક થઈને વિરાણી વાડી રોડથી હાથીખાના મેઈનરોડ ,કેનાલ રોડથી ગુદાવાડી પોલીસચોકી થઈને,પેલેસરોડથી સંતાષ ડેરી સામેનો રોડથઈ, કરણપરા ચોકથી પ્રહલાદ મેઈનરોડ થઈ,ભુપન્દ્ર રોડથી શ્રી બાલાજી મંદિરે ખાતે યાત્રાની પૂર્ણાહુતિ થશે.

આયોજનને સફળ બનાવવા હનુમાન જન્મ મહોત્સવ સમીર્તીના યાત્રા અધ્યક્ષ :: વિજયભાઈ વાંક પ્રમુખ-કલ્પૌશ ગમારા ઉપપ્રમુખ - દિનેશ પુનવાણી, ખજાનચી-વિજય પુનવાણી, મંત્રી-રવી ભટ્ટી, સહ મંત્રી વિજય મકવાણા, યાત્રા વી. જહેમત ઉઠાવી રહયા છે.

# રાજકોટમાં દીક્ષાર્થી જીમિતકુમારની ભવ્ય વર્ષીદાન યાત્રા યોજાઈ



રાજકોટ,
પ્રહલાદ પ્લોટ જૈન સંઘના આંગણે રાજકોટના પનોતા પુત્ર મુમુક્ષુ જીમિતકુમાર માટલીયાનો દીક્ષા મહોત્સવની ઉજવણી આ.ભ.પૂ.શ્રી યશોવિજયસૂરીજી મહારાજા આદિ શ્રમણ-શ્રમણીઓની નિશ્રામાં ઉજવાઈ રહ્યો છે.

મુમુક્ષુ જીમિતકુમારની આવતીકાલે તા.૨૧મીના ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકના પાવન દિવસે દીક્ષા છે. આવતીકાલે સવારે પાંચ વાગે શ્રીમતી પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલય ગ્રાઉન્ડ, અજરામર ઉપાશ્રયની સામે, પ્રહલાદ રોડ, રાજકોટ ખાતે દીક્ષા વિધિ થશે. આજે સવારે નવ વાગે મુમુક્ષુ જીમિતકુમારની ભવ્ય વરસીદાન યાત્રા યોજાઈ હતી. તથા બપોરે ૧૧ વાગે બેહુ વરસીદાન યોજાયેલ. આજે રાત્રે આઠ વાગે સ્ટેજ પ્રોગ્રામ રાખવામાં આવેલ છે. 'ઉજાગર દશા ભણી પ્રસ્થાન' કાર્યક્રમ યોજાશે.

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એપાર્ટમેન્ટના રહેવાસીઓને ફાયર સેફટીની તાલીમ અપાઈ



રાજકોટ,
રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ હાઈરાઈઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગૃતી માટે તા.૧૯ના રોજ સોનામહોર એલિવેટ, કોઠારીયા ગામ, સી.એન.જી.પમ્પ સામે, રાજકોટ ખાતે ફાયર સેફટીની મોકડ્રીલનું આયોજન કરવામા આવેલ, જેમાં અંદાજે ૭ થી ૮ રહેવાસીઓ જોડાયેલ.

મોકડ્રીલ દ્વારા બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઇ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્ષ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઇ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના ચીફ ફાયર ઓફીસર આઇ. વી. ખેર, ડે. ચીફ ફાયર બી.જે.ઠેબા, સ્ટેશન ઓફિસર એ.કે.દવે ફાયરમેન સહિતના સ્ટાફ દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા.

# રાજકોટ મવડી ફાયર સ્ટેશનને 'બેસ્ટ ફાયર સ્ટેશન' પરફોર્મન્સનો એવોર્ડ એનાયત કરાયો

રાજકોટ,
રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝને નેશનલ ફાયર ડે ૧૪ મી એપ્રિલ ફાયર ડેના નેશનલ ફાયર સર્વિસ વીક ૨૦૨૪ ઉજવણી અંતર્ગત ગુજરાત રાજય અગ્નિ નિવારણ સેવાઓ ગાંધીનગર દ્વારા 'બેસ્ટ ફાયર સ્ટેશન' પુરસ્કાર માટે નોમિનેશન માટે ગુજરાત રાજયના તમામ મહાનગરપાલિકાઓ પૈકી અમદાવાદ, સુરત અને રાજકોટને પુસ્કાર મળેલ છે.

જેમાં રાજકોટ મહાનગરપાલકાના મવડી રોડ ફાયર સ્ટેશનને બેસ્ટ ફાયર સ્ટેશન પરફોર્મન્સનો પુરસ્કાર એવોર્ડ તા.૧૯-૪ના રોજ ગાંધીનગર ખાતે શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ, અગ્ર સચિવના વરદ હસ્તે મળેલ જેમા ચીફ ફાયર ઓફીસર આઇ. વી. ખેર, મવડી ફાયર સ્ટેશનના



સ્ટેશન ઓફિસર એમ. કે. જુણેજા હાજર રહેલ હતા. રાજકોટ મહાનગરપાલિકાના મવડી ફાયર સ્ટેશનને બેસ્ટ ફાયર સ્ટેશન પરફોર્મન્સ એવોર્ડ એનાયત થતા મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ દ્વારા ફાયર સ્ટેશન ટીમને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.

# રાજકોટ વિરાણી સ્કૂલ ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

## ૫૦૦ વિદ્યાર્થીઓ વોટ લખી મતદાન માટે જાગૃતિ ફેલાવી



રાજકોટ,
હાલ લોકસભાની ચૂંટણીને લઈને તડમાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. તદ્પરાંત ઠેર ઠેર મતદાન જાગૃતિ અંગેના કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવતું હોય છે. આ મતદાન જાગૃતિના કાર્યક્રમ યોજી દરેક લોકોને મતદાન અવશ્ય કરવું જોઈએ તે અંગે જાગૃત કરવામાં આવે છે.

આ લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને શહેરની વિરાણી સ્કૂલ ખાતે આજે મતદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્કૂલના ૫૦૦ વિદ્યાર્થીઓ વોટ લખી મતદાન માટે જાગૃતિ ફેલાવી હતી. તેની સાથોસાથ વિદ્યાર્થીઓએ પરિવારજનોમાં સો ટકા મતદાન માટે લીધા શપથ લીધા હતા. તેમજ વિદ્યાર્થીઓએ લોકોને મતદાન માટે કરી અપીલ કરી હતી.



# રાજકોટમાં સમસ્ત મહાજન આયોજિત નિ:શુલ્ક છાશ વિતરણ શરૂ

રાજકોટ,
ગોંડલ સંપ્રદાયના મહામંત્ર પ્રભાવક પૂજય ગુરુદેવ શ્રી જગદીશ મુનિ મહારાજ સાહેબના સુશિષ્ય સદગુરુ દેવ પૂજય શ્રી પારસ મુનિ મારા સાહેબની નિશ્રામાં કે કેવી હોલ બ્રિજ નીચે કાલાવડ રોડ રાજકોટ ખાતે મુંબઈ સમસ્ત મહાજન ના મેનેજિંગ ટ્રસ્ટી ગીરીભાઈ શાહના માર્ગદર્શન સમસ્ત મહાજન પ્રેરિત છાશ કેન્દ્રનો પ્રારંભ થયો છે. આ અવસરે માતૃશ્રી મધુબેન પ્રમોદભાઈ દેસાઈ હસ્તે અમિતભાઈ દેસાઈ પરિવારે છાશ વિતરણ સંપૂર્ણ લાભ લીધેલ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમિતભાઈ દેસાઈ, જીવદયા પ્રેમી યુવા જૈન અગ્રણી કેતનભાઈ સંઘવી, બીપીનભાઈ પારેખ, અજયભાઈ ભીમાણી, માનસી બેન રાઠોડ, નીતિનભાઈ મહેતા, પ્રશાંતભાઈ શાહ, જીજ્ઞાબેન વોરા,આશાબેન ભટ્ટ, મીતાબેન, અંકિતાબેન મહેતા, મુકેશભાઈ મહેતા, જીતુભાઈ જોશી, હિરેનભાઈ શાહ ઉપસ્થિત હતા.

# રાજકોટના વાવડીમાં ક્રિકેટ રમતા કિશોરનું બેભાન થતાં મોત નિપજ્યું





## નવાગામના લગ્નપ્રસંગમાં આવેલા યુવાનનું હૃદય બેસી ગયું

રાજકોટ,

રાજકોટ પંથકમાં હૃદય બેસી જવાથી મૃત્યુના બનાવો વધી રહ્યા છે ત્યારે ૧૪ વર્ષના એક બાળકનું કુટુંબી ભાઈ સાથે ક્રિકેટ રમતી વખતે બેભાન થઈ જવાથી મોત થયું છે. તો અન્યય બનાવમાં નવાગામના યુવાનનું કાગદડી ખાતે મિત્રના દિકરાના લગ્ન પ્રસંગમાં હૃદય બેસી જવાથી મોત થયું છે.

રાજકોટ ગોંડલ રોડ પર વાવડી નજીક લક્ષ્મીનારાયણ સોસાયટીમાં રહેતો રેનીશ રઝાકભાઈ નકાણી (ઉ.વ.૧૪) સાંજે સાતેક વાગ્યેન ઘર નજીક મહમદી બાગ પાસે તેના કુટુંબી ભાઈ સહિતની સાથે ક્રિકેટ રમતો હતો ત્યારે એકાએક તબિયત બગડતાં તે બેસી ગયો હતો અને બાદમાં પડી ગયો હતો. દેકારો થતાં પરિવારજનો દોડી ગયા હતાં અને રેનીશને બેભાન હાલતમાં સિવિલ હોસ્પિ ટલમાં ખસેડયો હતો. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. રેનીશ આઠમા ધોરણમાં અભ્યાસ કરતો હતો. તે ત્રણ ભાઈમાં બીજો હતો. પિતા ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવે છે.રેનીશનું મૃત્યુ હાર્ટએટેકથી થયું કે કેમ? તે જાણવા તબિબે પોસ્ટીમોર્ટમ બાદ વિસેરા લઈ પરિક્ષણ માટે મોકલ્યા છે.

બીજા બનાવમાં નવાગામ સાત હનુમાન પાસે રહેતાં મનોજભાઈ નાગજીભાઈ બાવળીયા (ઉ.વ.૩૭) નામના યુવાન રાતે બારેક વાગ્યે કાગદડી ગામે પોતાના મિત્ર બાબુભાઈના પુત્રના લગ્ન પ્રસંગમાં ગયા હોઈ રાતે વાડીએ એકાએક બેભાન થઈ જતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં કલ્પાં ત સર્જાયો હતો. મૃત્યુ પામનાર મનોજભાઈ રિક્ષાચાલક હતાં. તે ચાર ભાઈ અને ત્રણ બહેનમાં નાના હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. હાર્ટએટેકથી મૃત્યુ થયાનું પોસ્ટ મોર્ટમ દરમિયાન જણાઈ આવ્યું હતું.બંને બનાવમાં હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ અને તોફિકભાઈ જુણાચે તાલુકા તથા કુવાડવા રોડ પોલીસને જાણ કરી હતી.

# રાજકોટ સહિત રાજયભરમાં કાળઝાળ ગરમીમાં થોડી રાહત

## મોટાભાગના જિલ્લાઓમાં ૩૮ થી ૪૦ ડિગ્રી વચ્ચે મહતમ તાપમાન




રાજકોટ,

રાજકોટ સહિત રાજયભરમાં ગઈકાલે પણ કાળઝાળ ગરમી સાથે રાહત રહેવા પામી હતી અને મોટાભાગના સ્થળોએ ૩૮ થી ૪૦ ડિગ્રી વચ્ચે મહતમ તાપમાન રહેવા પામ્યું હતું. હાલમાં ઉત્તર પૂર્વનાં ભેજવાળા પવનો ફુંકાઈ રહ્યા હોય ગરમીમાં રાહત છે. જોકે મંગળવારથી ફરી તાપમાનનો પારો ઉંચકાશે અને સૌરાષ્ટ્ર-કચ્છ તથા રાજયભરમાં અનેક સ્થળોએ તાપમાનમાં ૧ થી ૩ ડિગ્રીનો વધારો થશે અને ઠેર ઠેર તાપમાન ૪૨ થી ૪૩ ડિગ્રી આસપાસ નોંધાશે.

દરમ્યાન ગઈકાલે રાજકોટમાં ૩૮.૭ ડિગ્રી, પોરબંદરમાં ૩૪.૮, સુરેન્દ્રનગરમાં ૩૯.૨ તથા વેરાવળ ખાતે ૩૧.૮ ડિગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું. તેમજ અમદાવાદમાં ૩૯.૫, અમરેલીમાં ૪૦, વડોદરામાં ૩૯.૮, ભાવનગરમાં ૩૮, ભુજમાં ૩૬.૮, છોટા ઉદેપુરમાં ૩૯.૫ તથા દાહોદમાં ૩૭.૯, ડાંગમાં ૩૯.૭, ડિસામાં ૩૭.૨ અને દિવમાં ૩૭.૨ ડિગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું. જામનગરમાં વસંત ઋતુની સમાપ્તિ અને ગ્રીષ્મ ઋતુ નાસ પ્રારંભે મહતમ તાપમાનનો પારો ૧.૮ ડિગ્રી ઘટીને ૩૩.૮ ગરમીનો પારો પહોંચ્યો હતો. તેની સાથે લઘુતમ તાપમાનમાં સીધો ૩ ડિગ્રી ઘટીને ૨૩.૮ નોંધાયું હતું. જો કે પવનની ૧૦.૪ કિમિ ઝડપે ફૂંકાયો હતો.

# રાજકોટના મવડી ચોકડી પાસે રૂમમા સૂતેલી છાત્રા ઉપર પાડોશી શખ્સનો નિર્લજ હુમલો : પોલીસમાં ફરિયાદ

રાજકોટ,

રાજકોટ શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર મવડી ચોકડી પાસે રૂમ રાખી બહેનપણી સાથે રહેતી એમબીએની છાત્રા રાત્રે દરવાજો બંધ કરવાનું ભૂલી જતાં રાત્રિના સમયે પાડોશમાં રહેતા શખ્સે ઘરમાં ઘુસી અડપલા કરી બાથ ભરી લીધી હતી. ભર ઉંઘમાં રહેલી છાત્રા અચાનક જાગી જતાં રૂમની લાઈટ કરતાં પાડોશમાં રહેતો શખ્સ અગાશીની દિવાલ ટપી ભાગી છુટયો હતો. જો કે આ અંગે માલવીયાનગર પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે નિર્લજ હુમલો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને ઝડપી લીધો હતો.

જાણવા મળતી વિગત મુજબ, રાજકોટ જિલ્લાના એક ગામની વતની અને હાલ રાજકોટમાં મવડી ચોકડી પાસે બહેનપણી સાથે રૂમ રાખી રહેતી અને એમબીએનો અભ્યાસ કરતી ૨૨ વર્ષિય યુવતીએ માલવીયાનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે કિશન આહીરનું નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ ગઈકાલે રાત્રિનાં એકાદ વાગ્યાની આસપાસ તે અને તેની બહેનપણી રૂમમાં વાતો કરતાં કરતાં સુતા હતાં અને ઉનાળાની ગરમીના કારણે રૂમનો દરવાજો ખુલ્લો રાખ્યો હતો જે સુવા સમયે બંધ કરવાનું નક્કી કર્યુ હતું. પરંતુ બન્ને બહેનપણીને ઉંઘ ચડી જતાં રૂમનો દરવાજો ખુલ્લો રહી ગયો હતો. દરમિયાન મધરાત્રે ત્રણ વાગ્યાના અરસામાં તેના શરીર અને છાતીના ભાગે કોઈ સ્પર્શ થતાં તેણી જાગી ગઈ હતી. અને જોયું તો બાજુમાં એક શખ્સ સુતેલો હોય જેથી તેણી ગભરાઈને ઉભી થવાની કોશિષ કરતાં આ શખ્સે તેને બાથ ભીડી જબરજસ્તી કરવાની કોશિષ કરી હતી જેથી તેણે ચીસ પાડતાં તેણી બહેન પણી જાગી ગઈ હતી અને રૂમની લાઈટ ચાલુ કરતાં પાડોશમાં રહેતો કિશન આહીર તેને બાથમાંથી મુકી બહાર ભાગી ગયો હતો અને અગાશીની દિવાલ કુદી તેના ઘરમાં નાસી છુટયો હતો. ફરિયાદમાં વધુમાં જણાવ્યા મુજબ, આરોપી અગાઉ પણ અવારનવાર અગાશી પર બેસી ગંદી નજરથી જોતો હોવાનું જણાવ્યું હતું.

બન્ને બહેનપણી ગભરાઈ ગયેલી હોય તેણે તેના અન્ય મિત્રોને અને મકાન માલિકને વાત કરતાં તેઓ દોડી આવ્યા હતાં. યુવતીના પરિવારજનો પણ સવારે દોડી આવ્યા હતાં. આ અંગે માલવીયાનગર પોલીસ મથકે દોડી જઈ ફરિયાદ નોંધાવતાં એએસઆઈ કે.યુ.વાળાએ યુવતીની ફરિયાદ પરથી આરોપી કિશન આહીર વિરૂધ્ધ નિર્લજ હુમલો કર્યાનો હુમલો કરી તેને ગણતરીની કલાકોમાં જ ઝડપી લીધો હતો. પોલીસ પુછપરછમાં આરોપીના પરિવારજનો ગઈકાલે પ્રસંગમાં ગયા હોય અને તે એકલો જ ઘરે હતો દરમિયાન રાત્રિના પાડોશમાં રહેતી યુવતીનો દરવાજો ખુલ્લો હોય જેથી તેની દાનત બગડી હતી અને રૂમમાં દોડી જઈ અડપલા કરી બાથભરી લીધી હોવાનું જણાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના યુવાન સામે ત્રીજી પત્નીએ નોધાવી દુષ્કર્મની ફરિયાદ

રાજકોટ,

રાજકોટમાં અનેકવાર વિવાદમાં આવી ચૂકેલા અને થોડા સમય પહેલા જ એક યુવતીએ શ્યામ રાજાણી વિરુદ્ધ દુષ્કર્મ અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.શ્યામ રાજાણી તેમની પ્રથમ પત્ની સાથે છૂટાછેડા બાદ રાજાણીએ અન્ય એક યુવતી સાથે લગ્ન કરી આશરે ચારેક વર્ષ સાથે રહ્યા બાદ પત્નીને તરછોડી દીધી હતી.જે બાદ બીજી પત્નીએ રાજાણી વિરુદ્ધ દુષ્કર્મ અને સૃષ્ટિ વિરુદ્ધના કૃત્ય સહીતની કલમો હેઠળ ગુનો પણ દાખલ કરાવ્યો હતો.આ મામલે એક યુવતીએ થોડા સમય પહેલા જ દુષ્કર્મ અંગેની એકાદ મહિના પહેલા ફરિયાદ નોંધાવી હતી.હવે તે ગુના બાદ ત્રીજી યુવતીએ એક સ્ફોટક વિગતો સાથે ફરિયાદ ગાંધીગ્રામ પોલીસમાં નોંધાવી છે.

આ બનાવમાં શ્યામે તેમની પત્નીને છુટાછેડા આપ્યા વગર જ શાદી ડોટ કોમ એપ મારફતે સંપર્ક કરી પોતે અપરિણીત હોવાનું કહી રજીસ્ટર મેરેજ કરી લઈ તેમજ આ યુવતી સાથે અવાર નવાર શરીર સબંધ બાંધ્યો હોવાની ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.વધુ વિગતો મુજબ,આ મહિલાએ પોતાની ફરિયાદમાં કુવાડવા રોડ ડી માર્ટ ની પાછળ ગ્રીન એવન્યુ બિલ્ડીંગમાં બીજા માળે રહેતા શ્યામ હેમંતભાઈ રાજાણી,તેમના પિતા હેમંતભાઈ રાજાણી,તેમના માતા ભારતીબેન રાજાણી અને શ્યામની બહેન પારુલબેન રાજાણી વિરુદ્ધ બળાત્કાર,મારકુટ સહિતની કલમ હેઠળ ગુન્હો નોંધવામાં આવતા ગાંધીગ્રામ પોલીસના પીઆઈ બી.ટી.અકબરી, બી.બી.જાડેજા અને રાઈટર મહેશભાઈ રૂદાતલા અને હંસરાજભાઈ સહિતના સ્ટાફે તપાસ શરૂ કરી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, શ્યામે મહિલાને બન્ને દિકરીઓને માવતરે મુકી આવવાનું કહેતા તેમણે ઝેરી ટીકડા ખાઈ લીધા હતાં.

આ મહિલાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે,તેણીએ અગાઉ કરેલા લગ્ન થકી બે દીકરી છે.તેણીને શ્યામનો પરિચય શાદી ડોટ કોમ પર થયો હતો.ત્યારબાદ ગત ડિસેમ્બરમાં બંનેના પરિવારની સંમતિથી બન્નેના લગ્ન થયા બાદ તેણી શ્યામ સાથે માધાપર ચોકડી પાસે દ્વારિકા હાઈટ્સ ફ્લેટ નં. ૧૦૦૨માં રહેવા ચાલી ગઈ હતી.ત્યારબાદ શ્યામ ત્યાં અવાર નવાર પરાણે શરીર સબંધ બાંધતો હતો અને લગ્નના થોડા દિવસોમાં જ તેમણે બંને પુત્રીને સાથે રાખવાની કે અપનાવાની ના પાડી દીધી હતી.ત્યારબાદ ઘર સંસાર બરાબર ચાલતો હતો તેવામાં મહિલાને જાણવા મળ્યું કે શ્યામના અગાઉ લગ્ન થઈ ગયા છે અને તે યુવતીને છુટાછેડા આપ્યા વગર જ શ્યામે તેમની સાથે લગ્ન કરી લીધા હતા અને આ વાત તેમના પિતા,માતા અને બહેને છુપાવી હતી.ત્યારબાદ આ વાત શ્યામને કરતા શ્યામે માથાકૂટ કરી મારકુટ કરી હતી.તેમજ તરછોડી દેતા મહિલાએ ગાંધીગ્રામ પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવતા હવે ચારેયને સકંજામાં લેવા તજવીજ શરૂ કરી છે. શ્યામ રાજાણી પોતે ડોકટર તરીકે કુવાડવા રોડ ઉપર મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ કોઈપણ પ્રકારની તબીબી ડીગ્રી વગર ચલાવતો હોવાનું જણાતા તેની ધરપકડ કરી હતી.પોતે ખોટા સર્ટિફિકેટ બનાવીને ઓપીડીની પ્રેક્ટિસ પણ કરતો હોવાનુ પોલીસમાં નોંધાયું હતું.

# રાજકોટના પૂર્વ કોર્પોરેટરની બાઈકની ચોરી કરનાર રીઢો આરોપી ઝડપાયો

રાજકોટ,

રાજકોટની નજીક આવેલા ખાંભા ગામે રાજકોટના પૂર્વ કોર્પોરેટર વિજયભાઈ વાંકની વાડીએથી ચોરી થયેલ બાઈકના ગુન્હાનો ભેદ ઉકેલી ચોરાઉ બાઈક સાથે રીઢા આરોપીને રાજકોટ રૂરલ એલસીબીએ દબોચી લીધો હતો. આરોપી વિજય ઉર્ફે વીજુ અમરશી ચારોલા (ઉ.વ.૪૦, રહે. હાલ રાજકોટ ચુનારવાડ ભાણજી બાપાના મંદિર પાસે ભાડાના મકાનમાં મુળ ગોંડલ આશાપુરા ચોકડી ચુનાની ભઠ્ઠી પાસે) સામે અગાઉ રાજકોટ અને જૂનાગઢ મળી ૧૫ જેટલા ચોરીના ગુના નોંધાયેલ છે.



લોધિકા પોલીસ મથકે ગત તા.૧૯/૩ના રોજ ગુનો દાખલ થયેલો. જેમાં ફરિયાદી અલ્પેશભાઈ લાખાભાઈ કંટારીયા (ઉ.વ.૨૩, રહે.ખાંભા, તા. લોધિકા, મૂળ કળસાર, તા.મહુવા, જિ. ભાવનગર)એ જણાવેલ કે, અમારો પરિવાર ૧૮ વર્ષથી ખાંભા ગામે આવેલ વિજયભાઈ બાબુભાઈ વાંકની જમીન ભાગમાં વાવે છે. ગત તા.૮/૩ના રોજ મારા પિતા લાખાભાઈ બાઈક લઈ રાત્રે ૧૧ વાગ્યે વાડીએ ગયેલા અને પછી વાડીમાં આવેલ મકાનમાં સુઈ ગયા હતા.

બાઈક વાડીએ મકાન બહાર પાર્ક કર્યું હતું. સવારે ઉઠતા બાઈક ક્યાંય જોવા ન મળેલ એટલે લોધિકા પોલીસ મથકે બાઈક ચોરીની ફરિયાદ આપી હતી. આરોપીને પકડવા પોલીસ સક્રિય હતી તે દરમિયાન રાજકોટ રૂરલ એલસીબી ટીમે બાતમીના આધારે એક ગોંડલ આશાપુરા ચોકડી મામાદેવના મંદિર પાસે વોચ ગોઠવી આરોપીને ચોરાઉ બાઈક સાથે દબોચી લીધો હતો.જીજે-૦૩- એલાએસ -૭૪૮૮ નંબરનું રૂ.૩૫,૦૦૦ની કિંમતનું બાઈક કબ્જે કરી આરોપીને લોધિકા પોલીસને સોંપવા તજવીજ હાથ ધરવામાં આવી છે. આ કામગીરી રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી. પીઆઈ વી.વી.ઓડેદરા, પીએસઆઈ એચ.સી.ગોહીલ, ડી.જી.બડવા, એ.એસ.આઈ. બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, બ્રિજરાજસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ અનિલભાઈ ગુજરાતી, દિગ્વિજયસિંહ રાઠોડ, વાઘાભાઈ આલ, રસીકભાઈ જમોડ, ઘનશ્યામસિંહ જાડેજા, કોન્સ્ટેબલ મહીપાલસિંહ ચુડાસમા, ભાવેશભાઈ મકવાણા દ્વારા કરવામાં આવેલ હતી.

# રાજકોટ પી.ટી.સી. ગ્રાઉન્ડ પાસેથી ચોરાઉ રીક્ષા સાથે શખ્સ પકડાયો

રાજકોટ,

રાજકોટ એંસી ફુટ રોડ પીટીસી ગ્રાઉન્ડ પાસેથી થોરાળા પોલીસે બાતમીના આધારે એક શખ્સ ને ચોરાઉ રીક્ષા સાથે પકડી લીધો હતો.મળતી વિગત મુજબ એંસી ફુટ રોડ પર પીટીસી ગ્રાઉન્ડની દીવાલ પાસે એક શખ્સ ચોરાઉ રીક્ષા સાથે ઉભો હોવાની બાતમી મળતા એક શખ્સીને જીજે-૩-એયુ-૧૩૬૭ નંબરની ચોરાઉ રીક્ષા સાથે પકડી લઈ તેનું નામ પુછતા તેણે પોતાનું નામ લાલજી વલ્લભભાઈ પાથર (ઉ.૪૫) (રહે. રાજારામ સોસાયટીમાં મકાનમાં ભાડે ને આપ્યું હતું. તેની પાસે લાયસન્સ અને રીક્ષાના કાગળો માગતા તે ગલ્લા તલ્લા કરવા લાગ્યોા હતો. પોલીસે તેની વધુ પુછપરછ કરતા તેણે આ રીક્ષા ચોરી કર્યાની કબુલાત આપતા તેની ધરપકડ



કરી પુછપરછ હાથ ધરી છે. આ કામગીરી પીઆઈ એન. જી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જે. એમ. પરમાર, એમ. એસ. મહેશ્વરી, એએસઆઈ એચ. એમ. ઝાલા, આર. એસ. મેર, હેડ કો. પ્રકાશભાઈ પાંભરા, જયદીપસિંહ જાડેજા, વિમલભાઈ ધાણજા, કો. સંજયભાઈ અલગોતર તથા પ્રકાશભાઈ ચાવડા દ્વારા કરવામાં આવી હતી.

# રાજકોટના રૈયા ગામમાં રૂ.૨.૪૦ લાખના એમ.ડી.ડ્રગ્સ સાથે એક પકડયો

રાજકોટ,

રાજકોટ શહેર એસઓજીએ વધુ એક વખત માદક પદાર્થની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. રૈયા ગામમાં રહેતાં એક શખ્સને રૂપિયા ૨ લાખ ૪૦ હજારના ૨૪.૦૧ ગ્રામ મેફડ્રોન ડ્રગ સાથે પકડી લીધો છે. અગાઉ આ શખ્સવ માદક પદાર્થનો નશો કરવાના રવાડે ચડયો હતો. હવે પોતે જ પેડલર પણ બની ગયો હતો. એક શખ્સા પાસેથી જથ્થો લાવી વેંચવા માટે પડીકીઓ બનાવવાની તૈયારીમાં હતો ત્યાં જ બાતમી પરથી પકડી લેવાયો હતો.

વિગત એવી છે કે શહેરમાં યુવાધન નશાના રવાડે ન ચડે અને નાર્કોટીક્સ્ પદાર્થોનું વેચાણ અટકે તે માટ 'સે નો ટુ ડ્રગ્સ ' મિશન અંતર્ગત શહેર એસઓજીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યામરે હેડકોન્સ. ઈન્દ્રસિંહ જાડજા, દિગ્વીનજયસિંહ ગોહિલની બાતમી પરથી રૈયા ગામ શેરી નં. ૩ના ખુણેથી ભાવેશ પ્રવિણભાઈ રાઠોડ (ઉ.વ.૨૭-રહે. જુનો વણકર વાસ, જય અંબે પ્રોવીઝન સ્ટોર પાસે રૈયા)ને પકડી લીધો હતો. તેની તલાસી લેતાં ખિસ્સા?માંથી ૨૪.૦૧ ગ્રામ મેફેડ્રોન સાથેની ઝીપર બેગ મળી હતી. રૂપિયા ૨.૪૦ લાખનું ડ્રગ તથા મોબાઈલ ફોન મળી ૨,૪૩,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી તેની સામે એનડીપીએસનો ગુનો નોંધ્યો હતો. ભાવેશ ઈલેક્ટ્રીકનું કામ કરે છે. પોલીસની પ્રાથમિક પુછતાછમાં રટણ કર્યુ હતું કે પોતે નશાનો બંધાણી હોઈ ખર્ચ કાઢવા ડ્રગ્સ વેંચવાના રવાડે ચડી ગયો હતો. મીર નામના શખ્સત પાસેથી આ પદાર્થ લાવ્યો હતો. વેંચવા માટે પડીકી બનાવે એ પહેલા પડકી લેવાયો હતો. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઈમ બી. બી. બસીયાની સુચના મુજબ પીઆઈ એમ. જે. કૈલા, પીએસઆઈ ડી. પી. ગોહિલ, એએસઆઈ ડી. બી. ખેર, હેડકોન્સએ. ઈન્દ્રસિંહ જાડેજા, દિગ્વીકજયસિંહ ગોહિલ, ફિરોઝભાઈ રાઠોડ, અરૂણભાઈ બાંભણીયા, કોન્સભ. હાર્દિકસિંહ પરમાર, કોન્સ. નાઝનીનબેન સોલંકી, ડ્રા.એએસઆઈ કૃષ્ણિસહ જાડેજાએ આ કામગીરી કરી હતી. એફએસએલ અધિકારી બી. વી. જોગીયાએ પ્રાથમિક અભિપ્રાય આપ્યો હતો.

# જૂનાગઢ શહેરમાં ભિક્ષા માંગવા નીકળેલા વૃધ્ધાનું રિક્ષા હડફેટે મોત

જૂનાગઢ,

જુનાગઢ શહેરમાં મજેવડી દરવાજા પાસે આવેલ મહાસાગર ટ્રાવેલ્સહની ઓફિસ પાસેના વિસ્તારમાં રહેતા શાંતાબેન ઠાકરશીભાઈ સોલંકી ઉ. વ. ૬૮ નામના વૃદ્ધા ગુરૂવારે સવારે ૧૦.૩૦ કલાકે પોતાના ઘરેથી નીકળી ભિક્ષાવૃત્તિ માટે જતા હતા.ત્યાવરે મહાસાગર ટ્રાવેલ્સની ઓફિસ પાસે રોડ ક્રોસ કરતા હતા. એ વખતે પુરઝડપે આવેલી અજાણી રિક્ષાના ચાલકે હડફેટે લઈ ઠોકર લગાવતા ગંભીર ઈજા થતા શાંતાબેનને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યાા હતા. અકસ્માલત રીક્ષા ચાલક નાસી ગયો હતો.સારવાર દરમિયાન વૃદ્ધાનું મોત નીપજતાં મતકના જામનગર ખાતે રહેતા પુત્ર ધીરુભાઈ ઠાકરશીભાઈ સોલંકીએ ફરિયાદ કરતા એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માત સર્જી અને વૃદ્ધાનું મોત નિપજાવી નાસી છૂટેલા રીક્ષા ડ્રાઈવરને ઝડપી લેવા પીએસઆઈ જે. આર. વાજાએ વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ એસ.ટી. બસ સ્ટેશનમાં ભીડનો લાભ લઈ ગઠીયો મુસાફરનું પાકીટ સેરવી ગયો

રાજકોટ,

રાજકોટ શહેરના એસટી બસ સ્ટ્રેશનમાં ભીડનો લાભ લઈ ગઠીયો કાલાવડ (શીતલા) ના યુવાનના ખીસ્સોમાંથી રૂા.૫ હજાર રોકડ તથા ડોકયુમેન્ટ સાથેનું પાકીટ સેરવી લેતા ફરીયાદ થઈ છે.

મળતી વિગત મુજબ કાલાવડના (શીતલા)માં સ્વાતમીનારાયણ સોસાયટી શેરીમાં રહેતા રાજેશભાઈ હસમુખભાઈ ઉનાગર (ઉ.વ.૩૮) એ એ.ડીવીઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. રાજેશભાઈએ ફરીયાદમાં જણાવ્યું હતું કે 'પોતે રાજકોટમાં જય કિશન એન્જીનીયરીંગમાં ટેકનીશ્યન તરીકે નોકરી કરે છે' અને એસટી બસમાં અપડાઉન કરે છે. તા.૧૨ના રોજ પોતે રાજકોટ નોકરીએ આવ્યા બાદ સાંજે છુટીને એસટી બસ સ્ટેશને ગયા અને પ્લે ટફોર્મ નં. ૧૩ પર કાલાવડ જતી બસની રાહ જોતા હતા. થોડીવાર બાદ રાજકોટ-કાલાવડ રૂટની બસ આવતા પોતે બસમાં ચડતી વખતે ભીડ હતી. પોતે બસમાં બેસી ગયા બાદ પોતાના પેન્ટના પાછળના ખીસ્સામાં જોતા પાકીટ ખીસ્સામાં ન હોઈ તેથી કોઈ અજાણ્યો શખ્સ ભીડનો લાભ લઈ પોતાના ખીસ્સામાંથી ઓરીજનલ ડોકયુમેન્ટમાં ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, તથા રૂા. ૫૦૦૦ રોકડ ભરેલુ પર્સ ચોરી ગયો હોવાની ખબર પડી હતી. બાદ પોતે કાલાવડ જતા રહયા હતા. ગઈકાલે પોતે રાજકોટ આવ્યા બાદ એ. ડીવીઝન પોલીસ મથકમાં બનાવની જાણ કરતા પોલીસે પોતાની ફરીયાદ દાખલ કરી એએસઆઈ કે.કે.માઢકે તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ શહેરમાં મોબાઈલ રીપેરીંગના ગ્રાહકોનું રજીસ્ટર નહીં રાખતા ગુનો દાખલ

જૂનાગઢ,

રાજકોટ ઝાંઝરડા રોડ પર આવેલ સાઈબાબાના મંદિરની બાજુમાં મોબાઈલ રીપેરીંગની દુકાન ધરાવતા મુઝીબ બશીરભાઈ વડગામાને ત્યાં એસઓજીએ ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં દુકાનદારે મોબાઈલ રીપેરીંગના ગ્રાહકોનું રજીસ્ટાર નિભાવ્યું ન હોવાનું ખુલતા તેના વિરુદ્ધ જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત જૂનાગઢમાં સરદાર બાગ પાસે શશીકુંજ રોડ પર આવેલ ઈન્દ્રપ્રસ્થ ચાર ગ્રીન હાઉસમાં રહેતા મનસુખલાલ માવજીભાઈ પટેલ ઉ. વ. ૬૮ નામના વદ્ધે પોતાનું મકાન પોલીસને જાણ કર્યા વગર પરપ્રાંતિય માણસોને ભાડે આપ્યું હોવાનું જણાતા એસ.ઓજીના એએસઆઈ જીતેન્દ્રસિંહ ચૌહાણએ વળદ્ધ સામે મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગનો ગુનો દાખલ કરાવતા બી ડિવિઝન પોલીસે કાર્યવાહી કરી વધુ તપાસ આદરી હતી.

## રાજકોટના ગંજીવાડાની કિશોરીનું બેભાન થતાં મોત

રાજકોટ,

રાજકોટના ગંજીવાડા શેરી નં. ૨૫માં રહેતાં મોહનભાઈ રાઠોડની દિકરી સુરભી (ઉ.વ.૧૨) સાંજે સાડા સાતેક વાગ્યેગ રે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. પરંતુ અહિ મોત નિપજતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. મૃત્યુ પામનાર સુરભી પાંચ બહેન અને એક ભાઈમાં નાની હતી. પરિવારજનોના કહેવા મુજબ તેણી દોઢ વર્ષની હતી ત્યારે આંચકી આવી જતાં વિકલાંગ થઈ ગઈ હતી. હાલમાં પણ આંચકીની બિમારી યથાવત હતી. સાંજે એકાએક બેભાન થઈ ગયા બાદ મોત થયું હતું. પિતા મોહનભાઈ રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. હોસ્પિએટલ ચોકીના રામશીભાઈ વરૂ અને તૌફિકભાઈ જુણાચે થોરાળા પોલીસને જાણ કરી હતી.